પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૭૮ ૮ સપ્ટેમ્બર, ૨૦૨૨, ગુરૂવાર; ભાદરવા સુદ - ૧૩ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ભૂતિયા પક્ષોને ફંડના મામલે દરોડા

**ભૂતિયા રાજકીય પક્ષોને ફંડના મુદ્દે ૧૦૦થી વધુ ઠેકાણા પર ચૂંટણી પંચના રિપોર્ટ બાદ આઈટીનો સપાટો : આઈટી વિભાગે રાજકીય પક્ષોના હિસાબો અને ડિક્લેરેશનની તપાસ કરી અનેક પક્ષો સક્રિય રાજકારણમાં કોઈ ભૂમિકા ન ધરાવતા હોવાનું સામે આવ્યું**

નવી દિલ્હી, તા.૭

સીબીઆઈ અને ઈડીની કાર્યવાહી વચ્ચે દેશભરમાં આવકવેરા વિભાગનું મેગા ઓપરેશન સામે આવ્યું છે. આવકવેરા વિભાગે દેશના ૭ રાજ્યોના ૧૦૦થી પણ વધારે સ્થળોએ દરોડા પાડ્યા છે. જાણવા મળ્યા મુજબ પોલિટિકલ ફન્ડિંગ મામલે આ એક્શન હાથ ધરવામાં આવી છે.

આવકવેરા વિભાગની ટીમો દિલ્હીથી શરૂ કરીને ઉત્તરાખંડ અને રાજસ્થાન જેવા રાજ્યોમાં એક્શનમાં આવી છે અને દિલ્હીના અનેક ઉદ્યોગપતિઓ કરચોરી મામલે આઈટીની રડારમાં છે. રાજસ્થાનના જયપુરમાં પણ ઉદ્યોગપતિઓના સ્થળોએ દરોડા પડ્યા છે.



રાજસ્થાનમાં મિડ ડે મીલમાં ગોલમાલ કરીને કમાણી કરનારાઓના ત્યાં આઈટી વિભાગે દરોડો પાડ્યો છે. અશોક ગેહલોતની સરકારમાં ગૃહ રાજ્ય મંત્રી રાજેન્દ્ર યાદવ અને મિડ ડે મીલના કારોબારી સમૂહ પર દરોડો પડ્યો છે. રાજેન્દ્ર યાદવ કોટ પુતલી ખાતે પોષાહાર બનાવવા માટેની ફેક્ટરી ધરાવે છે. ત્યાં કુલ ૫૩ સ્થળોએ આઈટીની ટીમ પહોંચી છે. દરોડામાં ૩૦૦થી વધારે પોલીસકર્મી સામેલ હોવાનું જણાવાઈ રહ્યું છે. સાથે જ ૧૦૦ જેટલા વાહનો પણ ઉપયોગમાં લેવાયા છે. ઉપરાંત આઈટી અધિકારીઓએ સુરક્ષા માટે સીઆરપીએફના જવાનોને પણ સાથે લીધા છે.

આવકવેરા વિભાગે દિલ્હી, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ઉત્તરાખંડ, હરિયાણા અને ગુજરાતમાં સપાટો બોલાવ્યો છે. આ કાર્યવાહી નાના રાજકીય પક્ષો સાથે સંકળાયેલી છે જે લોકો પાસેથી ફંડ મેળવ્યા બાદ તેમને રોકડ સ્વરૂપે અમુક રકમ પરત કરે છે. ચૂંટણી પંચના રિપોર્ટ બાદ આઈટી વિભાગ એક્શનમાં આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

# પ.બંગાળના કાયદા મંત્રીના છ ઠેકાણા પર CBIના દરોડા

**કોલસા તસ્કરી કૌભાંડમાં સીબીઆઈની કાર્યવાહી : સીઆરપીએફએ મલય ઘટકના ઘરને ચારે બાજુથી ઘેરી લીધું**

નવી દિલ્હી, તા.૭

પશ્ચિમ બંગાળમાં મમતા સરકારમાં કાયદા મંત્રી મલય ઘટકના ૬ ઠેકાણા પર સીબીઆઈએ દરોડા પાડ્યા છે. કોલસા તસ્કરી કૌભાંડમાં આ દરોડા પાડવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે કેન્દ્રીય સુરક્ષા દળના જવાનોએ મલય ઘટકના ઘરને ચારે બાજુથી ઘેરી રાખ્યું છે. સીબીઆઈ કોલકાતા અને આસનસોલ સહિત લગભગ ૬ સ્થળો પર દરોડા પાડી રહી છે જેમાં મલય ઘટકના ભાઈ અભિજિત ઘટકનું ઠેકાણું પણ સામેલ છે. ઈડીપણ તપાસ સબંધે મલય ઘટકની પૂછપરછ કરી ચૂકી છે. મલય ઘટક આસનસોલ ઉત્તર બેઠકથી ધારાસભ્ય છે.



બંને તપાસ એજન્સીઓ એ જાણવાનો પ્રયત્ન કરી રહી છે કે, શું ઘટકની કોલસા કૌભાંડમાં કોઈ ભૂમિકા હતી. ઈડીઆ મામલે મની લોન્ડ્રિંગ અને સીબીઆઈઅપરાધિક પહેલુંની તપાસ કરી રહી છે. આરોપ છે કે, આસનસોલ નજીક કુનુસ્ટોરિયા અને કજોરા વિસ્તારમાં ઈસ્ટર્ન કોલફિલ્ડની લીઝ્ડ ખાણોમાંથી કોલસાનું ગેરકાયદેસર ખનન કરવામાં આવ્યું હતું. પશ્ચિમ બંગાળમાં કોલસા તસ્કરી મામલાની તપાસ સીબીઆઈ અને ઈડી બંને એજન્સીઓ કરી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

# નવો વેરિએન્ટ Omicron BA.5 ઓળખાયો

**હવે વાયરસ દર મહિને તમને એકવાર કરશે સંક્રમિત : કોરોનાનું જોખમ આજકાલનું નહીં પણ છેલ્લા લગભગ 3 વર્ષથી છે, આ વાયરસ જવાનું નામ જ લેતો નથી, અત્યાર સુધીમાં તેના અનેક વેરિએન્ટ આવી ચૂક્યા છે**

નવી દિલ્હી,તા.૭

કોરોના વાયરસનું જોખમ આજકાલનું નહીં પણ છેલ્લા લગભગ ૩ વર્ષથી છે. આ વાયરસ જવાનું નામ જ લેતો નથી. અત્યાર સુધીમાં તેના અનેક વેરિએન્ટ આવી ચૂક્યા છે. દરેક વેરિએન્ટ અન્ય કરતા અલગ હોય છે. હાલમાં જ કોવિડ-૧૯નો એક નવો વેરિએન્ટ પકડમાં આવ્યો છે. જેનું નામ 'ૈદ્વષ્ઠહિ મ્છ.૫ છે. અમેરિકાના એક્સપર્ટે તેના પર સ્ટડી કરતા જે ખુલાસો કર્યો તે ખુબ ચોંકાવનારો છે. તેમનું કહેવું છે કે આ વેરિએન્ટ દર મહિને માણસને પોતાની ઝપેટમાં લઈ શકે છે. વૈજ્ઞાનિકોએ આ ચેતવણી ફક્ત અમેરિકામાં જ નહીં પરંતુ દુનિયાના તમામ લોકોને આપી છે. આવો આ વેરિએન્ટ વિશે વિસ્તારથી જાણીએ. 'ૈદ્વષ્ઠહિ મ્છ.૫ અંગે તજજ્ઞો કહે છે કે આ નવો વેરિએન્ટ ગત અન્ય વેરિએન્ટની સરખામણીમાં ઝડપથી ફેલાય છે. જ્યાં પહેલા એકવાર કોરોના પોઝિટિવ થયા બાદ લોકોને આ વાયરસથી ઈમ્યુનિટી મળી રહી હતી ત્યાં આ મામલે હવે એવું નથી જોવા મળી રહ્યું. નવો વેરિએન્ટ ગણતરીના અઠવાડિયાઓમાં

# ભારતના બાંગ્લાદેશ સાથેના સંબંધો વધુ મજબૂત બનશે : મોદી

**બંને દેશો વચ્ચેના સંબંધોને કોઈ ત્રીજા દેશની હાજરીથી પ્રભાવિત થવા દેવામાં નહીં આવે : બાંગ્લાદેશના વડાંપ્રધાન**

નવી દિલ્હી, તા.૭

ભારતના રાજદ્વારી પ્રયાસો અને બાંગ્લાદેશની 'મિત્રતા સૌની



સાથે દુશ્મની કોઈની સાથે નહીં' નીતિને કારણે તમામ પ્રયાસો છતાં ચીન ત્યાં વ્યૂહાત્મક રોકાણ કરી શક્યું નથી. આજે ભલે ચીન ત્યાં ઘણું રોકાણ કરી રહ્યું છે પરંતુ બાંગ્લાદેશ અને ભારત વચ્ચેના વેપાર વ્યૂહાત્મક અને રાજકીય સંબંધો વધુ મજબૂત થઈ રહ્યા છે.

ભારતની મુલાકાતે આવેલા બાંગ્લાદેશના વડા પ્રધાન શેખ હસીનાએ પણ ભારતને ખાતરી આપી છે કે, બંને દેશો વચ્ચેના સંબંધોને કોઈ ત્રીજા દેશની હાજરીથી પ્રભાવિત થવા દેવામાં આવશે નહીં. પ્રાપ્ત માહિતી પ્રમાણે બાંગ્લાદેશમાં ચીન દ્વારા ૪૦ અબજ ડોલરથી વધુનું રોકાણ કરવામાં આવ્યું છે અથવા તે પ્રક્રિયામાં છે. જ્યારે ભારતનું રોકાણ તેમાંથી માત્ર અડધું જ છે.

ચીન બાંગ્લાદેશની મહત્વપૂર્ણ સ્થિતિનો લાભ લેવાનો પણ પ્રયાસ કરી રહ્યું છે અને ત્યાં વ્યૂહાત્મક રોકાણ કરવા ઈચ્છુક છે પરંતુ ભારત સાથેના સંબંધોને કારણે બાંગ્લાદેશે તેને મંજૂરી નથી આપી. બાંગ્લાદેશ વિકસિત દેશ બનવાનું સપનું જોઈ છે તેથી તે ચીન-ભારત રોકાણને હાથો-હાથ લઈ રહ્યું છે. કારણ કે તેનો હેતુ લોકોના જીવનને બહેતર બનાવવાનો છે. પરંતુ બાંગ્લાદેશ પણ ચીની રોકાણ માટે એટલું આરામદાયક નથી.

સૂત્રોનું માનીએ તો શ્રીલંકામાં સર્જાયેલી આર્થિક કટોકટી બાદ બાંગ્લાદેશ પણ આ દિશામાં થોડું સાવધ બન્યું છે.

# શિવસેનાના મુદ્દે ૨૭મીએ સુપ્રીમ કોર્ટમાં સુનાવણી

**આગામી બીએમસી ચૂંટણીને ધ્યાનમાં રાખતા પણ આ સુનાવણીને મહત્વની માનવામાં આવી રહી છે**

મુંબઈ, તા.૭

મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી એકનાથ શિંદે અને શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે વચ્ચેના વિવાદ માટે ૨૭ સપ્ટેમ્બર મહત્વનો દિવસ સાબિત થઈ શકે છે. સુપ્રીમ કોર્ટ રાજ્યના રાજકીય સંકટ સાથે જોડાયેલી અરજીઓ પર સુનાવણી કરવા જઈ રહી છે.

એવુ કહેવાતુ હતુ કે બુધવારે જ આ અરજીઓ મુદ્દે કોર્ટ સુનાવણી કરી શકે છે. શિંદે કેમ્પના વકીલ નીરજ કિશન કૌલ તરફથી કેસમાં તત્કાલ સુનાવણીની વિનંતી કરવામાં આવી હતી.

મહત્વની વાત એ છે કે અગાઉ પાંચ સભ્યોની બેન્ચ તરફથી ૨૫ ઓગસ્ટે સુનાવણી કરવાની હતી, પરંતુ અત્યારસુધી સુનાવણી થઈ નથી. આને આગામી બીએમસી ચૂંટણીને ધ્યાનમાં રાખતા પણ મહત્વનુ માનવામાં આવી રહ્યુ છે. શિવસેનામાં દશેરા રેલીને લઈને પણ વિવાદ ચાલુ છે. મહારાષ્ટ્રમાં લગભગ ૫૦ ધારાસભ્યોનુ સમર્થન પ્રાપ્ત કરી ચૂકેલુ શિંદે જૂથ પોતાને 'અસલી શિવસેના' ગણાવી રહ્યા હતા. જે બાદ ઠાકરેના નેતૃત્વવાળા જૂથે સુપ્રીમ કોર્ટના શરણ લીધા, જ્યાં સીએમ શિંદેને સરકારમાં બોલાવવાના રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીના નિર્ણયને પડકારવામાં આવ્યો હતો. સાથે જ ઠાકરે કેમ્પએ શિંદેનુ સમર્થન કરી રહેલા ધારાસભ્યોને અયોગ્ય ઠેરવવાની માગ પણ કરી હતી. શિંદે કેમ્પ તરફથી અસલી શિવસેનાની માન્યતા મેળવવા માટે અરજી કરવામાં આવી હતી. જેની પર સુપ્રીમ કોર્ટએ ચૂંટણી પંચને પત્ર લખીને અરજી પર નિર્ણય ન લેવાના આદેશ આપ્યા હતા. સાથે જ કોર્ટએ કેસની ૨૫ ઓગસ્ટે સુનાવણી માટે બંધારણીય બેન્ચ પાસે મોકલ્યો હતો.

# બેફામ કારે ફૂટપાથ પર સૂતેલા ૩ને કચડ્યા, બેનાં કરૂણ મોત

**ઉત્તરપ્રદેશના ગોરખપુરમાં એક મોટો અકસ્માત થયો : એક મજૂર ઘાયલ જેને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરાયો, કાર ચાલક સહિત ચાર યુવકોને કસ્ટડીમાં લેવાયા**

ગોરખપુર, તા.૭

ઉત્તરપ્રદેશના ગોરખપુરમાં એક મોટો અકસ્માત થયો છે.



ફુટપાથ પર સૂઈ રહેલા ૩ મજૂરોને અનિયંત્રિત કારે કચડી નાખ્યા છે. આ અકસ્માતમાં ૨ મજૂરોના મોત થઈ ગયા છે અને એક મજૂર ઘાયલ છે જેને સારવાર અર્થે હોસ્પિટલમાંદાખલ કરવામાં આવ્યો છે. આ ઘટના મંગળવારે મોડી રાત્રે ગોરખનાથ ઓવરબ્રિજ નજીકની છે. ઘટનાની સૂચના મળતા એસએસપી ડો. ગૌરવ ગ્રોવર ઘટના સ્થળે પહોંચ્યા હતા અને એક્શન લેતા કાર ચાલક સહિત ચાર યુવકોને કસ્ટડીમાં લીધા હતા. આ ઘટના ગોરખનાથ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના ગોરખનાથ ઓવરબ્રિજની છે જ્યાં મંગળવારે મોડી રાત્રે ૧:૩૦ વાગ્યે એક તેજ રફતાર કારે ફૂટપાથ પર સૂઈ રહેલા ત્રણ લોકોને કચડી નાખ્યા હતા. આ દર્દનાક અકસ્માતમાં એક વ્યક્તિએ ઘટનાસ્થળે જ જીવ ગુમાવ્યો હતો જ્યારે એકનું જિલ્લા હોસ્પિટલમાં મોત થઈ ગયું હતું જ્યારે ત્રીજાની સારવાર ચાલી રહી છે. અકસ્માત બાદ કાર બેકાબૂ થઈને પલટી ગઈ હતી. કારમાં ચાર લોકો સવાર હતા તેમને પણ નાની-મોટી ઈજાઓ થઈ હતી. માહિતી મળતાં પોલીસે તેમને કસ્ટડીમાં લીધા હતા. સૂચના પર પહોંચેલા એસએસપી ડો. ગૌરવ ગ્રોવરે ઘટના સ્થળનું નિરીક્ષણ કર્યું હતું. આ સાથે જ ઘટનાના કારણોના તપાસના આદેશ આપ્યા છે. જોકે, કાર પર ચાલકનું નિયંત્રણ ફએલ થવાને કારણે આ અકસ્માત થયો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# જુલાઈ-સપ્ટેમ્બરના ક્વાર્ટરમાં ચાલુ ખાતાની ખાધમાં વધારો થશે

**સ્થાનિક રેટિંગ એજન્સી ઈકરાએ આશંકા વ્યક્ત કરી : દેશની કુલ જીડીપીના પાંચ ટકા સુધી પહોંચી જશે**

નવી દિલ્હી, તા.૭

સ્થાનિક રેટિંગ એજન્સી ઈકરાએ આશંકા વ્યક્ત કરી છે કે જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં દેશની ચાલુ ખાતાની ખાધ (સીએડી) દેશની કુલ જીડીપીના પાંચ ટકા સુધી પહોંચી જશે.

વધતી જતી વેપાર ખાધ સાથે ચાલુ ખાતાની ખાધ વધવી વ્યાજબી છે. ઓગસ્ટમાં દેશની વેપાર ખાધ વધીને ૨૮.૬૮ અબજ ડોલર થઈ છે. આયાતમાં ૩૬.૮ ટકાનો વધારો અને નિકાસમાં ૧.૨ ટકાનો ઘટાડો થતા ટ્રેડ ડેફિસિટમાં વધારો થયો છે.

આઈસીઆરએ રેટિંગ્સએ એક રિપોર્ટમાં જણાવ્યું છે કે ચાલુ નાણાકીય વર્ષના બીજા ત્રિમાસિગાળામાં કરન્ટ એકાઉન્ટ ડેફિસિટ અત્યાર સુધીના સર્વકાલીન ઉચ્ચતમ સ્તરે પહોંચવાની શક્યતા છે.

પહેલા ક્વાર્ટરમાં સીએડી ૩૦ અબજ ડોલર રહ્યું છે પરંતુ બીજા ક્વાર્ટરમાં તે વધીને ૪૧-૪૩ અબજ ડોલરની આસપાસ રહેવાની આશંકા સેવાઈ રહી છે. આ આંકડો દેશની કુલ ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડકટના ૫ ટકા હશે, જે ૨૦૧૧-૧૨ના ત્રીજા ત્રિમાસિક ગાળા બાદનું બીજું સર્વોચ્ચ સ્તર હશે.

બીજા ક્વાર્ટરના પ્રથમ બે મહિનામાં (જુલાઈ-ઓગસ્ટ) માસિક સરેરાશ વેપાર ખાધ ૨૯.૩ અબજ ડોલર રહી હતી, જે પહેલા ક્વાર્ટરમાં સરેરાશ ૨૩.૫ અબજ ડોલર હતી.

# ૧૯માં ગુમાવેલી ૧૪૪ બેઠક પર વિજય માટે વ્યૂહ રચના ઘડતા શાહ-નડ્ડા

**૨૦૨૪ની સામાન્ય ચૂંટણી માટે કમર કસતો ભાજપ : ભાજપે આ બેઠકોની જવાબદારી સંભાળતા કેન્દ્રીય મંત્રીઓ પાસેથી મળેલા પ્રતિસાદના આધારે મંથન કર્યું**

નવી દિલ્હી, તા.૭

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભારતીય જનતા



પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડાએ મંગળવારે વર્ષ ૨૦૧૯ની ચૂંટણીમાં હારેલી લોકસભાની ૧૪૪ સીટો માટે રણનીતિ તૈયાર કરી છે. મિશન ૨૦૨૪ની તૈયારી કરી રહેલ ભાજપે આ બેઠકોની જવાબદારી સંભાળતા કેન્દ્રીય મંત્રીઓ પાસેથી મળેલા પ્રતિસાદના આધારે મંથન કર્યું છે.

ભાજપના હેડક્વાર્ટરમાં યોજાયેલી મહત્વની બેઠકમાં ગૃહમંત્રી શાહે આમાંથી ઓછામાં ઓછી અડધી બેઠકો જીતવાનો આગ્રહ રાખ્યો હતો. સાથે જ કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નામે કોઈ પણ સીટ જીતવી મુશ્કેલ નથી. શાહે આ અભિયાનમાં સામેલ મંત્રીઓને સલાહ આપતા કહ્યું હતું કે, સંગઠનના કારણે જ સરકાર છે અને સંગઠન સરકાર કરતાં મોટું છે. ભાજપે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં હારેલી ૧૪૪ બેઠકોને વિવિધ જૂથોમાં વહેંચીને એક ડઝનથી વધુ કેન્દ્રીય મંત્રીઓને તેમની જવાબદારી સોંપી હતી. સાથે જ આ બેઠકમાં સંગઠન મહાસચિવ બીએલ સંતોષ, અનુરાગ સિંહ ઠાકુર, સ્મૃતિ ઈરાની, અશ્વિની વૈષ્ણવ અને અન્ય નેતાઓ હાજર હતા.

# કોંગ્રેસની ભારત જોડો યાત્રાનો રાહુલ ગાંધીએ પ્રારંભ કરાવ્યો

**૩૫૦૦ કિલોમીટરની આ યાત્રાને ૧૫૦ દિવસમાં પૂરી કરવામાં આવશે અને તેનું સમાપન કાશ્મીરમાં થશે**

કન્યાકુમારી, તા.૭

કોંગ્રેસની ભારત જોડો યાત્રાનો બુધવારે રાહુલ ગાંધીએ પ્રારંભ કરી દીધો છે. વર્ષ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીને જોતા કન્યાકુમારીથી પાર્ટીની આ યાત્રાને લીલી ઝંડી દેખાડવામાં આવી છે. ૩૫૦૦ કિલોમીટરની આ યાત્રાને ૧૫૦ દિવસમાં પૂરી કરવામાં આવશે અને તેનું સમાપન કાશ્મીરમાં થશે. યાત્રાને કોંગ્રેસ પાર્ટીમાં નવો જીવ ફુંકવાની કવાયત તરીકે જોવામાં આવી રહી છે. સોનિયા ગાંધી પણ તેને લઈને ઉત્સાહિત છે. તેમણે કહ્યું કે તે યાત્રામાં હાજરી આપશે.

સોનિયા ગાંધીએ કહ્યું, આ ગૌરવશાળી વારસાવાળી અમારી મહાન પાર્ટી માટે ઐતિહાસિક અવસર છે. મને આશા છે કે તે અમારા સંગઠન માટે સંજીવનીનું કામ કરશે. ઉલ્લેખનીય છે કે સોનિયા ગાંધી મેડિકલ ચેકઅપ માટે વિદેશમાં છે. હાલમાં તેમના માતાનું નિધન પણ થયું છે.

● અનુસંધાન પાન-૭ પર

ટેલીકોલર બહેનો NGO માટે જોઈએ છે

સેક્ટર-૬, ગાંધીનગર

બાયોડેટા મોકલો : WhatsApp

97149 41898, 81602 75942

જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ



સાત્વિકભાઈ જી. ત્રિવેદી

જીવનમાં આશીર્વાદ મળે વડોલીથી,
સહયોગ મળે નાનાઓથી,
ખુશી મળે દુનિયાથી,
પ્રેમ મળે સૌથી
આજ પ્રાર્થના છે અમારી પ્રભુને
જન્મદિવસની શુભકામના

લી.
મિતાલી, શ્રીકેત, શ્રીજા
અને ત્રિવેદી પરિવાર